मन की बात 100
MANN KI BAAT 100

# મન કી બાત

વોલ્યુમ 12



# MANN KI BAAT
## VOL.12

**Authors**
Sarda Mohan and Tanushree Banerji

**Illustrations and Cover Art**
Dilip Kadam

**Assistant Artist**
Ravindra Mokate

**Production**
Amar Chitra Katha

**Colourists**
Prakash Sivan, M.P. Rageeven and Prajeesh V. P.

**Layout Artist**
Akshay Khadilkar

**Published by**
Amar Chitra Katha Pvt. Ltd

**GUJARATI**

ISBN – 978-93-6127-581-4

Amar Chitra Katha Pvt. Ltd, March 2024

© Ministry of Culture, Govt of India, March 2024
All rights reserved. This book is sold subject to the condition that the publication may not be reproduced, stored in a retrieval system (including but not limited to computers, disks, external drives, electronic or digital devices, e-readers, websites), or transmitted in any form or by any means (including but not limited to cyclostyling, photocopying, docutech or other reprographic reproductions, mechanical, recording, electronic, digital versions) without the prior written permission of the publisher, nor be otherwise circulated in any form of binding or cover other than that in which it is published and without a similar condition being imposed on the subsequent purchaser.

You can now get ACK stories as part of your classroom with **ACK Learn**, a unique learning platform that brings these stories to your school with a range of workshops. Find out more at **www.acklearn.com** or write to us at **acklearn@ack-media.com**.



પ્રિય બાળકો,

પ્રતિકૂળતા એ જીવનનું અભિન્ન અંગ છે. જો કે, તે યાદ રાખવું મહત્વપૂર્ણ છે કે પ્રતિકૂળતા સામે તમારી પ્રતિક્રિયા અગત્યની છે પ્રતિકૂળતા પોતે નહી, આ પ્રતિક્રિયા જ તમારા જીવનનો પથ નિર્ધારિત કરે છે. મુશ્કેલ પરિસ્થિતિ એ તમારા માટે ડરથી ઉભરવાની અને તમારી ઉચ્ચતમ સંભાવના સુધી પહોંચવાની એક તક છે.

કાશ્મીરના જાવેદ અહમદ ટાકને એક આતંકી હુમલામાં કરોડરજ્જુમાં ગોળી વાગી હતી. પણ તેણે પોતાના નસીબને દોષ આપવાને બદલે, તે વિકલાંગ બાળકોના શિક્ષણ માટે એક ચેમ્પિયન બન્યો.

લાંબી કૂદના એથલિટ, મુરલી શ્રીશંકરે, વિજય મેળવવા માટે બીમારી સાથે બાથ ભીડી.



કોઈ અવરોધનો સામનો કરવામાં કંઈ કરી શકું છું વાળું વલણ કદાચ સૌથી મોટી તાકત હોય છે. એક સાધારણ પરિવારના સુરક્ષા ગાર્ડના પુત્ર આકાશ ગોરખાનો કિસ્સો લો, જે એક વિશ્વ પ્રસિદ્ધ બોક્સર બનવાના માર્ગ પર છે.

મને આશા છે કે આ વાર્તાઓ માનવીય ભાવનામાં તમારા વિશ્વાસને મજબૂત કરશે અને તમને શીખવાડશે કે ક્યારેક-ક્યારેક પડકાર અને તકની વચ્ચેનું અંતર એ ફક્ત તમારો દૃષ્ટિકોણ હોય છે.



# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1 | આકાશ રમેશ ગોરખા | 3 |
| 2 | અતુલ પાટીદાર | 5 |
| 3 | ડૉ. સપન કુમાર પત્રલેખ | 8 |
| 4 | જાવેદ અહમદ ટાક | 11 |
| 5 | એમ. યોગનાથન | 14 |
| 6 | મુરલી શ્રીશંકર | 17 |
| 7 | પુણ્યમ પુંકાવનમ | 20 |
| 8 | રામ કુમાર જોશી | 23 |
| 9 | સૈખોમ સુરચંદ્ર સિંઘ | 26 |
| 10 | સંતોષ સિંઘ નેગી | 28 |
| 11 | યુથ ફોર પરિવર્તન | 30 |

# આકાશ રમેશ ગોરખા


શાળામાં રમતગમતનો પીરિયડ ચાલુ હતો.
પૂજા, તું ખૂબ ઝડપથી દોડે છે!
હું મોટી થઈને ધાવક તરીકે ભારતનું પ્રતિનિધિત્વ કરવા માંગુ છું.
તે એક મોટું લક્ષ્ય છે, પૂજા! હું તમને આકાશ ગોરખા વિશેની વાર્તા કહું છું, જે ભારતને ગર્વ અપાવનાર રમતવીર છે.
આકાશના પિતા, રમેશ ગોરખા, પૂણેમાં સુરક્ષા ગાર્ડ તરીકે કામ કરતા હતા. તેઓ 21 વર્ષ પહેલાં નેપાળથી ભારત આવ્યાં હતા અને પોતાની જરૂરિયાતો પૂરી કરવામાં મુશ્કેલી અનુભવતા હતા.
હું ઇચ્છું છું કે આપણાં બે છોકરાઓ મારા કરતા વધુ સારું જીવન જીવે.
હા, આપણાં બાળકો પ્રતિભાવાન છે. તેઓ સારું જ કરશે.
તે ચાર જણાંનો પરિવાર એક નાના પાર્કિંગ શેડમાં રહેતો હતો. આકાશનું બાળપણ નજીકના બગીચાઓમાં રમવામાં વીત્યું. એક દિવસ -
આ બોક્સિંગ ટુર્નામેન્ટ રસપ્રદ લાગે છે. મારે પણ તેમાં જોડાવું છે!
આકાશે ટુર્નામેન્ટના આયોજકો સાથે વાત કરી અને ત્યારથી ખેલકૂદનો તેનો પ્રવાસ શરૂ થયો.


લગભગ તે જ સમયે, બોક્સિંગ કોચ, ઉમેશ જગદાલેએ આકાશને તેના મિત્રો સાથે પ્રેક્ટિસ કરતો જોયો.
આ છોકરાના રિફ્લેક્સેસ સારા છે. તેનામાં કુદરતી પ્રતિભા છે.
કોચે આકાશના માતા-પિતા જોડે વાત કરી, તેઓ ખૂબ સપોર્ટિવ હતા. 2010માં, તેમણે આકાશને મહારાષ્ટ્ર ઇન્સ્ટિટ્યૂટ ઓફ ગેમ્સ એન્ડ સ્પોર્ટ્સમાં તાલીમ આપવાની શરૂઆત કરી.
કોઈપણ રમતમાં એકાગ્રતા અને શિસ્તની જરૂર હોય છે. આગળ વધવા માટે તારે સખત મહેનત કરવા તૈયાર રહેવું આવશ્યક છે.
હા, સર! હું મારો શ્રેષ્ઠ પ્રયાસ કરીશ.
તેના કોચના માર્ગદર્શન હેઠળ અને પોતાના માતાપિતાના સપોર્ટ વડે, આકાશે પોતાની પ્રતિભાને ખીલવવા માટે સખત મહેનત કરી. ખૂબ જલ્દી, તેણે વ્યાવસાયિક રીતે સ્પર્ધા કરવાનું શરૂ કર્યું.
તેણે 2017માં જુનિયર નેશનલ્સમાં રજત પદક જીત્યું અને 2018માં ખેલો ઇન્ડિયા સ્પર્ધામાં કાંસ્ય પદક મેળવ્યું. તે પછી જલ્દી જ -
બોલો પપ્પા, શું હશે? મને આર્મી ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટમાં દાખલો મળી ગયો છે.
અરે આ તો અદ્ભુત સમાચાર છે! હવે તું બહેતર સુવિધાઓ અને પ્રશિક્ષકો સુધીની પહોંચ મેળવી શકીશ.
મારા દીકરા, હવે તને કોઈ વસ્તુ રોકી નહીં શકે.
ત્યારથી, આકાશે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બંને સ્પર્ધાઓમાં ઘણાં પુરસ્કારો જીત્યાં, ભારતને ગૌરવ અપાવ્યું અને વધુ જીત મેળવવા માટે તાલીમ ચાલુ રાખી.
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ, આકાશના દૃઢનિશ્ચય અને સફળતાની પોતાના રેડિયો શો, મન કી બાતમાં પ્રશંસા કરી.

# અતુલ પાટીદાર



બિઝનેસ હંમેશા તેમના પોતાના નફાનો વિચાર કરતા હોય છે તે ક્યારેય લોકોની મદદ કરી શકતા નથી.
ના, ચરણ, એવું નથી. સાચા ઉદ્યોગસાહસિકો લોકોની સમસ્યાઓને ઉકેલે છે. હું આવી જ એક વ્યક્તિ અતુલ પાટીદારની વાત કહું છું જે ખેડૂતોના ગામમાં ઉછર્યા અને પછી તેમણે ખેડૂતોની મદદ કરવા માટે ખેતીને લગતા માલસામાન અને સાધનોનું એક સ્ટોર ખોલ્યું.
અતુલ પાટીદારનો જન્મ મધ્ય પ્રદેશનાં બડવાની ગામમાં થયો.
તમે તેને અંગ્રેજી સ્કૂલમાં કેમ મોકલી રહ્યાં છો? જમીન ખેડવા માટે તેણે અંગ્રેજી શીખવાની જરૂર નથી.
પણ અતુલના માતાપિતા ઇચ્છતા હતા કે અતુલ જીવનમાં તેમનાથી વધુ સારું કંઈક કરે.
એક દિવસ -
મેં ખેતી છોડીને શહેરમાં નોકરી શોધવાનું નક્કી કર્યું છે. મદદ મેળવવી અને સસ્તા સાધનો મેળવવા હવે ખૂબ પડકારજનક બન્યું છે.
હું મોટો થઈશ ત્યારે હું દરેક ખેડૂત માટે વસ્તુઓને વધુ બહેતર બનાવીશ.
અતુલે પોતાના માતાપિતાનું ગૌરવ વધાર્યું. કેનેડામાં એક યુનિવર્સિટી સાથેના ઇન્ટરવ્યુ દરમિયાન -
તમે ટેકનોલોજીનો અભ્યાસ કેમ કરવા માંગો છો?
હું મારા દેશના ખેડૂતોની મદદ કરવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવા માંગુ છું. ટેકનોલોજી તેમનું જીવન વધુ સરળ બનાવી શકે છે.
અતુલે ચાર પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિગ્રી પૂરી કરી. 2017માં, કેનેડામાં કામ કરતી વખતે, અતુલે એક સ્ટાર્ટ-અપ વિચારનો પ્રસ્તાવ મૂક્યો કે જે ભારતીય ખેડૂતોને મદદ કરશે.
આ કામ કરશે એવું તને કેમ લાગે છે?
હું આ વિચારને તપાસવા માટે એક ટીમ મારા ગામ લઈ જાઉં છું. અમે જલ્દી જ શોધી કાઢીશું.


અતુલ અને તેની ટીમે ખેડૂતો માટેના પડકારોને સમજવા માટે બડવાનીમાં 6,000 ખેડૂતો સાથે સમય વિતાવ્યો. આની પાછળ-પાછળ -
અમે ફાર્મકાર્ટનો પરિચય આપવા માટે આતુર છીએ. આ એક ઓનલાઇન ફાર્મ સુપરસ્ટોર છે જ્યાં તમે બીયારણ, ખાતર, જંતુનાષકનો ઓર્ડર કરી શકો છો અને ખેતીને લગતી ટિપ્સ પણ મેળવી શકો છો.
અતુલની ઘોષણાને તેના ગામમાં મિશ્રિત પ્રતિસાદ મળ્યો.
અમને ટેકનોલોજી વિશે કંઈ જ ખબર નથી. અમારામાંથી કેટલાક તો ભણેલા પણ નથી.
અમારી ટીમ ફાર્મકાર્ટ પર નોંધણી કરવામાં મદદ કરશે. જ્યારે તમને જોઈતી વસ્તુ દેખાય, ત્યારે તેની પાસેના બોક્સને દબાવવાનું છે. આ એટલું સરળ છે.
નોંધણી દરમિયાન -
અમને કેમ ખબર પડશે કે તમે અમારી માહિતીનો દુરૂપયોગ નહીં કરો?
તમને એક અનન્ય ઓળખ કોડ આપવામાં આવશે જેનો ઉપયોગ ફક્ત તમે જ કરી શકશો. તમારી બધી માહિતી ત્યાં જ સંગ્રહિત હશે.
અતુલભાઈ, અમને અમારા પ્રોડક્ટ કેટલા સમયમાં મળશે? અમારે તેને લેવા ક્યાં જવું પડશે?
તમે ખૂબ સહેલાઈથી તેને ઓનલાઇન ખરીદીને તેનું પેમેન્ટ કરી શકો છો, માત્ર એક બટન ક્લિક કરીને. પ્રોડક્ટ તમને ઓર્ડર કર્યાના 36 કલાકની અંદર તમારા ઘરે પહોંચાડવામાં આવશે.
મારે મારા ખેતર માટે જોઈતી દરેક વસ્તુ મેળવવા માટે આખો દિવસ બજારમાં વિતાવવો નહીં પડે અને ન તો મારે રોકડ રકમ લઈને ફરવું પડશે.
હા, તમે બજાર ભાવથી ઓછી કિંમતે, કોઈપણ જોખમ વિના સહેલાઈથી ખરીદી કરી શકો છો.
ઉચ્ચતર માંગને પૂરી કરવા માટે બડવાનીમાં પ્રથમ ફાર્મકાર્ટ ડિજિટલ સ્ટોર શરૂ થયું જે આસપાસના વિસ્તારોમાં પણ સેવા આપે છે.


ફાર્મકાર્ટે એક વિતરણ મોડલનો પણ પરિચય આપ્યો જેનાથી પરિવહન લાગત બચાવવામાં અને સ્થાનિક રોજગાર નિર્માણ કરવામાં પણ મદદ મળી.
શું એ સાચું છે કે સમુદાયમાંથી કોઈપણ ફાર્મકાર્ટને પ્રોડક્ટ વિતરીત કરી શકે છે?
હા, ફક્ત ફાર્મકાર્ટ પર નોંધણી કરાવો અને માલ લેવા અને વિતરીત કરવા માટે તમારું આઇડી બતાવો.
ફાર્મકાર્ટ એક પરામર્શ સેવા પણ ઓફર કરે છે, એગ્રી નિદાન, જેનાથી ખેડૂતોને પાકની ગુણવત્તા સુધારવા અને નફો વધારવામાં સહાયતા મળે.
હજારો ખેડૂતોએ તેમની સેવાઓથી લાભ લેવાનું શરૂ કર્યું અને 2018માં 50 ગ્લોબલ ઇનોવેટિવ સ્ટાર્ટઅપમાં એક તરીકે ફાર્મકાર્ટની પસંદગી કરવામાં આવી.
ફાર્મકાર્ટ ખરીદી, વિતરણ અને સલાહ તમામને એકમાંજ સંયોજિત કરે છે! અમે ખેડૂતોને ઇન્ટરનેટનો ઉપયોગ કરવા અને એક બિઝનેસ માલિક તરીકે વિચારવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ.
કોવિડ-19 દરમિયાન, 1,000 પ્રોડક્ટ પહેલાંથી જ ફાર્મકાર્ટ શોપિંગ પ્રોડક્ટ સૂચિબદ્ધ હતા. લોકડાઉન દરમિયાન -
આપણે દૂરવર્તી ક્ષેત્રોના ખેડૂતો સુધી પણ પહોંચવા માટે આપણી સેવાઓનો વિસ્તાર કરવો આવશ્યક છે. લોકડાઉનને લીધે તેમની ખેતીનો નાશ થવો જોઈએ નહીં.
ઑક્ટોબર 2020માં, આને પ્રધાનમંત્રી મોદી તરફથી તેમના રેડિયો શો, મન કી બાતમાં પ્રશંસા મળી.
2021માં -
ભૈયા, ફાર્મકાર્ટનો આભાર, અમે સમયસર અમારા પ્રોડક્ટ મેળવી રહ્યાં છીએ પરંતુ ખેતીને લગતા સાધનો મેળવવા મુશ્કેલ છે. તે ખરેખર ખૂબ જ મોંઘા છે અને અમને તે પરવડી શકે એમ નથી.
તો અમારી rent4farm સેવાઓને કેમ નથી અજમાવતા? તમે ખેતીના સાધનોને ભાડેથી પણ લઈ શકો છો. અને તમારી પાસેના વધારાના સાધનોને અમારા પ્લેટફોર્મ પર સૂચિબદ્ધ કરીને તેનાથી પૈસા કમાવી શકો છો.
ફાર્મકાર્ટ પાસે 102 લોકોની ટીમ છે. અમે ભારતના ખેડૂતોને સતત વિકાસમાં મદદ કરવા માટે પ્રતિબદ્ધ છીએ.
ફાર્મકાર્ટના આખા મધ્યપ્રદેશમાં 2,000 સ્થાન છે અને તે 1,00,000 થી વધુ ખેડૂતોને સેવા આપે છે.

# ડૉ. સપન કુમાર પત્રલેખ




પરંતુ આપણી શાળામાં 290 બાળકો છે અને આપણે ફક્ત ચાર જ શિક્ષકો છીએ. સર, આપણે કેવી રીતે સંચાલન કરીશું?
આપણે ક્લાસ માટે ગામમાં ચાર પોઇન્ટ સ્થાપિત કરીશું, દરેકમાં 50 થી 70 વિદ્યાર્થીઓ હશે. આપણાંમાંથી દરેક એક ક્લાસ પોઇન્ટને હેન્ડલ કરશે.
પછી જ્યારે સપને ગામવાસીઓને એકત્રિત કર્યા -
આપણે અહીં આપણાં બાળકોના શિક્ષણ વિશે વાત કરવા ભેગા થયા છીએ.
અમને ભીંતોને પેઇન્ટ કરીને તેમને બ્લેકબોર્ડ બનાવવામાં તમારી મદદની જરૂર છે.
બ્લેકબોર્ડ માટી, ગાયનું છાણ, રાખ અને ચોખાના સ્ટાર્ચના પાણીથી બનાવવામાં આવ્યાં હતા.
શું આપણને ચોક અને ડસ્ટરની જરૂર નહીં પડે?
આપણે આપણાં પોતાના લઈ આવશું. તમારે બેસવા માટે ચટાઈની પણ જરૂર પડશે; જમીન ખૂબ ખરબચડી છે.
દીવાલો અને લાઇટના થાંભલાઓને પણ હિન્દી, અંગ્રેજી અને સંથાલીમાંના અક્ષરો અને શબ્દો વડે પેઇન્ટ કરવામાં આવ્યા હતા.
આપણું આખું ગામ હવે એક મોટી સ્કૂલ બની ગઈ છે!
ચાલો આપણે જઈએ અને દીવાલો પર મૂળાક્ષરો પેઇન્ટ કરીએ.
બાળકોએ પેઇન્ટ કરેલી દીવાલો પરથી અભ્યાસ કરવાનું શરૂ કર્યું.
અરે મારો ગણિતનો દાખલો જુઓ, પેલી દીવાલ પર!
મને અહીં ભણવું ખૂબ ગમે છે. આપણે રમતા-રમતા પણ શીખી શકીએ છીએ.




*ગ્રામીણ બાળસંભાળ કેન્દ્ર

# જાવેદ અહમદ ટાક




*બેચલર ઓફ સાયન્સ

^કાશ્મીરનું એક શહેર


આતંકવાદીઓના ગયા પછી, જાવેદ હોસ્પિટલ તરફ દોડ્યો.
ગોળીથી તેની કરોડરજ્જૂ, પેન્ક્રિયા, કિડની અને આંતરડાઓમાં ઇજા થઈ હતી તેની સ્થિતિ ગંભીર હતી.
જાવેદે લગભગ એક વર્ષ હોસ્પિટલમાં વિતાવ્યું પણ છતાં તે ચાલી શક્યો નહીં.
તો, હવે મારે આ રીતે ફરવું પડશે.
આગલા બે વર્ષ સુધી જાવેદ તેના ઘરમાં જ સીમિત રહ્યો, હતાશ અને ભાંગી પડેલો. એક દિવસ -
અમ્મી, મને ઘણાં બાળકોના રમવાનો અવાજ સંભળાય છે. તેઓ સ્કૂલે કેમ નથી જતા?
તે ખૂબ ગરીબ પરિવારના છે. તેમના માતાપિતાને તેમને ભણાવવા સ્કૂલે મોકલવાનું પરવડી શકે એમ નથી. તેઓ બસ પોતાનો સમય પસાર કરે છે.
જાવેદ જે શોધી રહ્યો હતો તે હેતુ તેને મળી ગયો. થોડા દિવસ પછી -
આજથી, આપણે ગણિત, વિજ્ઞાન અને આખી દુનિયા વિશે શીખીશું. ચાલો એક મજેદાર ગીતથી શરૂ કરીએ.
તેણે બાળકો માટે એક બુક બેંક પણ શરૂ કરી.
જેમ જેમ વાત ફેલાઈ, આસપાસથી વધુ બાળકોએ તેની પાસે ટ્યુશન આવવાનું શરૂ કર્યું.
સર, બે નવા છોકરાઓ ભણવા માટે આવ્યાં છે.
મને આશ્ચર્ય છે કે કેમ કોઈ પણ અપંગ બાળક મારી પાસે હજી સુધી નથી આવ્યો અથવા આસપાસ રમતો પણ નથી દેખાયો. હું શોધી કાઢીશ.
થોડાંક અન્ય લોકો સાથે, જાવેદે છ ગામોમાં અપંગતા ધરાવતા બાળકોની શોધ કરવા માટે સર્વે કર્યો.




*બિન-સરકારી સંસ્થા (નોન-ગવર્નમેન્ટલ ઓર્ગેનાઇઝેશન)

# એમ. યોગનાથન




*તામિલનાડુમાં નીલગીરી પર્વતમાળાઓમાં આવેલો એક જીલ્લો


મારિમુથુ જ્યારે 13 વર્ષનો હતો -
તમે શું કરી રહ્યાં છો?
હું વૃક્ષો વાવી રહ્યો છું. હું આપણી ટેકરીઓને કાયમ લીલી રાખવામાં મદદ કરું છું.
વનીકરણથી તેના આજીવન પ્રવાસની તે શરૂઆત હતી.
મારિમુથુ મોટો થયો અને કોઇમ્બતુરમાં તામિલનાડુ સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનમાં એક બસ કંડક્ટર તરીકેની નોકરી શરૂ કરી.
અહીં, આ રોપ એક ગિફ્ટ છે. કૃપા કરીને તેને રોપી દો અને તેની સારી રીતે માવજત કરશો.
તેના મોટા ભાગના મુસાફરો તેના તરફથી ગિફ્ટ તરીકે રોપ મેળવતા.
જેમ-જેમ વર્ષો પસાર થયા, મારિમુથુને લાગવા માંડ્યું કે ખાલી રોપાઓનું વિતરણ કરવું અને તેમને વાવવા જ પર્યાપ્ત નથી.
હું ઇચ્છું છું કે યુવાનો વૃક્ષો વાવે અને વાતાવરણની કાળજી લે. હું સ્કૂલ અને કૉલેજમાં અભિયાનોનું આયોજન કરીને શરૂ કરું છું. હું તે મારી સાપ્તાહિક રજાના દિવસે, દર સોમવારે કરી શકું છું.
જલ્દી -
તમે દરેકજણ એક રોપ વાવી શકો છો અને અમે તેને પછી તમારું નામ આપીશું. કૃપા કરીને ખાતરી કરો કે તેને તમે નિયમિત રીતે પાણી આપો અને તેની તમારા ભાઈ-બહેનની જેમ કાળજી લો.
વાહ! મારા નામનું વૃક્ષ. તે ખૂબ જ ઉત્સાહજનક છે.


મારિમુથુએ પોતાની આવકમાંથી 40% ભાગ રોપાઓ પર અને જાગરૂકતા અભિયાનો પર ખર્ચ કરવાનું શરૂ કર્યું.
હું આ પત્રો શાળાઓને મોકલી રહ્યો છું અને તેમને નોન ઇકો-ફ્રેન્ડલી પ્રોડક્ટનો ઉપયોગ બંધ કરીને કેમ્પસમાં રોપાઓ વાવવાનું શરૂ કરવાનું કહી રહ્યો છું. વૃક્ષો વાવવા એ અભ્યાસક્રમનો એક ભાગ હોવો જોઈએ.
તેના પત્રોને લીધે, લગભગ 2,000 સ્કૂલોએ રોપાઓ વાવ્યા અને 3,000 અન્ય સ્કૂલોમાં વિદ્યાર્થીઓએ નોન ઇકો-ફ્રેન્ડલી પ્રોડક્ટનો ઉપયોગ કરવાનું ટાળવાનું વચન આપ્યું.
મારિમુથુએ સ્કૂલ અને કૉલેજોમાં જાગરૂકતા અભિયાનો આયોજિત કરવા માટે એક LCD પ્રોજેક્ટર પણ ખરીદ્યું.
અને તેથી જ તમારા કચરામાંથી ખાતર બનાવવાની શરૂઆત કરવાનું અને પ્લાસ્ટિકના ઉપયોગને નકારવાનું અગત્યનું છે.
Use Paper bag
Say NO TO Plastic!
avoid Plastic bag
મારિમુથુએ પર્યાવરણીય જાગરૂકતાનું નિર્માણ કરવા માટે આખા તામિલનાડુંમાં અત્યાર સુધી ત્રણ લાખથી વધુ રોપાઓ વાવ્યા અને 3,000થી વધુ સ્કૂલો અને કૉલેજોની મુલાકાત લીધી.
પર્યાવરણ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને માન્યતા આપીને, ભારત સરકારે તેને 2008માં પ્રતિષ્ઠિત ઇકો વૉરિયર એવોર્ડ એનાયત કર્યો.
54-વર્ષના કંડક્ટરને તામિલનાડુ સરકાર દ્વારા 'સુત્રુ સુઝલ સેયલ વીરાર'*નું શીર્ષક પણ આપવામાં આવ્યું છે.

*તમિલમાં ઇકો-વૉરિયર

# મુરલી શ્રીશંકર



ઇકબાલ, તું નિરાશ કેમ છે?
હું ખાલી બે માર્કથી જ સાઇન્સ સ્પર્ધાની યોગ્યતામાં રહી ગયો. હવે ફરી પ્રયાસ કરવા માટે બીજું એક વર્ષ રાહ જોવી પડશે.
ઇકબાલ, તેને સમય નકામો ગયો એમ ના જો. તું એક વર્ષમાં વધુ તૈયાર થઈ જઈશ. હું તમને શ્રીશંકરની વાર્તા કહું છું, તે એક એથલિટ છે જે બિમારીને લીધે એક તક ચૂકી ગયો અને હવે તે તેમાંથી બમણી તાકત સાથે બહાર આવ્યો છે.
મુરલી શ્રીશંકરનો જન્મ 27 માર્ચ, 1999ના રોજ એસ. મુરલી અને કે.એસ.બીજીમોલને ત્યાં કેરળના પલક્કડમાં થયો હતો, જે બંને આંતરરાષ્ટ્રીય એથલિટ હતા.
તે પગ સામે જુઓ - તેમાં પહેલાંથી એક એથલિટ હોવાની ક્ષમતા છે એવું દેખાય છે.
તેમના લીધે શ્રીશંકરને પણ એથલિટમાં ઊંડો રસ હતો. જ્યારે તે ખૂબ નાનો હતો -
તેને દોડતો જુઓ. આપણાં પુત્રમાં જબરદસ્ત ક્ષમતા છે.
તમે સાચું કહો છો! તમારે તેની જલ્દી જ કોચિંગ શરૂ કરવી આવશ્યક છે.
પોતાના પિતાની કોચિંગ હેઠળ, શ્રીશંકરે પોતાની એથલિટ કુશળતાઓમાં નિખાર લાવવાનું શરૂ કર્યું.


જલ્દી જ, શ્રીશંકર અંડર-10 કેટેગરીમાં રાજ્ય-સ્તરનો ચેમ્પિયન બન્યો.
અને પ્રથમ પોઝિશન પર છે, ફરી એકવાર, આપણો શ્રીશંકર!
13 વર્ષની ઉંમરે, શ્રીશંકરે સ્પ્રિંટિંગથી લાંબી કૂદના ક્ષેત્રમાં પગ મૂક્યો.


તેના પિતા, પોતે અગાઉ આંતરરાષ્ટ્રીય ટ્રિપલ જમ્પર હતા, તે કડક કોચ હતા અને સખત ટાસ્કમાસ્ટર હતા.
યાદ રાખ, બેટા, હું તારો કોચ પણ હોવાથી ક્યારેક હું કડક હોઈ શકું છું પરંતુ તારે વિશ્વાસ રાખવો જોઈએ કે હું હંમેશા તારા શ્રેષ્ઠ હિતોને ધ્યાનમાં રાખીશ.
હું જાણું છું, અચ્ચા*.
શ્રીશંકરને શ્રેષ્ઠ બનાવવામાં મદદ કરવામાં તેના પિતાની સંભાળ અને પ્રતિબદ્ધતા મહત્વની હતી.


માર્ચ 2018માં, શ્રીશંકરે કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લેવાની પૂરી તૈયારી કરી લીધી હતી. જો કે તે માંદો પડ્યો, અને -
તને એપેન્ડિસાઇટીસ છે અને હમણાં જ ઓપરેશન કરવું પડશે.
ઓહ નો. એનો અર્થ કે હું સ્પર્ધામાં ભાગ નહીં લઈ શકું.
તેના ઓપરેશન પછી, શ્રીશંકર માત્ર પ્રવાહી આહાર લઈ રહ્યો હતો, જેનાથી તેનું વજન ઘટી રહ્યું હતું અને નબળાઈ પણ વધી ગઈ હતી.


જો કે, બે મહિના પછી તેણે 2018માં એશિયન જૂનિયર એથલેટિક્સ ચેમ્પિયનશિપમાં ભાગ લીધો -
અને ભારતના મુરલી શ્રીશંકર તેની 7.47 મીટરની લાંબી કૂદ માટે કાંસ્ય પદક મેળવે છે.
ઑગસ્ટ 2018માં, જાકાર્તામાં 2018 એશિયન ગેમ્સ ખાતે પણ તે છઠ્ઠા સ્થાને રહ્યો.


સપ્ટેમ્બર 2018માં, શ્રીશંકરે ભુવનેશ્વરમાં નેશનલ ઓપન એથલેટિક્સ ચેમ્પિયનશિપમાં 8.20 મીટરની લાંબી કૂદ સાથે રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો.
અભિનંદન! આનાથી તમે 2019 વર્લ્ડ એથલેટિક્સ ચેમ્પિયનશિપ માટે યોગ્યતા મેળવનાર પ્રથમ ભારતીય એથલિટ બન્યા છો.
384
શ્રીશંકર ચેમ્પિયનશિપના ફાઇનલમાં પહોંચ્યો નહીં પણ તે નિરાશ ન થયો.

*મલયાલમમાં પિતા




*એક વાર્ષિક ઇવેન્ટ જેમાં પંદર ટોચના પ્રીમિયર ઇન્વિટેશનલ ટ્રેક અને ફીલ્ડ એથ્લેટિક્સ સ્પર્ધાઓનો સમાવેશ થાય છે

# પુણ્યમ પુંકાવનમ




*ઇન્ડિયન પોલીસ સર્વિસ













* સબરીમાલા મંદિર પમ્પા નદીના કિનારે આવેલું છે
**સબરીમાલા ભગવાન અયપ્પાનું દૈવી ઉપવન છે

^દક્ષિણ ભારતમાં લગભગ 1,252 મંદિરોનું સંચાલન કરતી એક સ્વાયત્ત સંસ્થા




*ભક્તોને પણ દેવના નામથી બોલાવવામાં આવે છે.

# રામ કુમાર જોશી




*હિમાચલ પ્રદેશમાં


1984માં, રામે પોસ્ટકાર્ડ પર લઘુચિત્ર લેખનમાં રુચિ વિકસાવવાનું શરૂ કર્યું.
મને જોવા દો કે શું હું આ પોસ્ટકાર્ડ પર આ આખા પૃષ્ઠ નું લઘુચિત્ર લેખન કરી શકું છું!
રામને નાની જગ્યાઓમાં શબ્દોને ફિટ કરવાના પડકારમાં આનંદ મળવ લાગ્યો.
સમય જતાં, તેણે દરેક પોસ્ટકાર્ડ પર વધુ શબ્દો ફિટ કરવાની તેની ક્ષમતાનો વિસ્તાર કર્યો, અને એક દિવસ -
હું આ પોસ્ટકાર્ડ પર 3,00,000 શબ્દો લખવામાં સફળ થયો છું!
તે લઘુચિત્ર લેખક તરીકેના તેમના પ્રારંભિક સીમાચિહ્નોમાંનું એક છે.
તેમના લખાણની સૌથી પ્રશંસનીય વિશેષતા એ હતી કે તેમણે મેગ્નિફાઈંગ લેન્સ અથવા અન્ય કોઈપણ ઉપકરણની મદદ વિના, નરી આંખે તે કર્યું હતું.
સર, તમે બૃહદદર્શક ઉપકરણ વિના કેવી રીતે લખી શકો છો?
ધ્યાન અને શિસ્તબદ્ધ પ્રેક્ટિસ સાથે બધું જ શક્ય છે.
...માત્ર એક સાદી પેન અથવા પેન્સિલનો ઉપયોગ કરીને.
એક દિવસ, તેમણે પોસ્ટલ સ્ટેમ્પ પર નેતાજી સુભાષ ચંદ્ર બોઝ અને લાલ બહાદુર શાસ્ત્રીના લઘુચિત્ર સ્કેચ બનાવ્યા.
તેનાથી પણ ખાસ વાત એ છે કે તેણે આ સ્કેચ માત્ર 'રામ' શબ્દ વાપરીને બનાવ્યા છે.
તેમણે આ સ્ટેમ્પ્સ પર નેતાઓના સંક્ષિપ્ત જીવન ઇતિહાસને સમાવવાનું પણ મેનેજ કર્યું.



તે પછી, રામે ઘણી પ્રસિદ્ધ હસ્તીઓ અને દેવી-દેવતાઓના મિનિએચર સ્કેચ બનાવ્યાં.
તેના સ્કેચેસની રેન્જ કેટલાક મિલીમીટરથી લઈને ત્રણ ફૂટ ઉંચી સુધી છે.
રામને તેના વિશિષ્ટ કામ માટે ઘણાં પુરસ્કારો પણ મળ્યાં છે અને તેનો મન કી બાતમાં ઉલ્લેખ પણ થયો છે.
ડિજીટલ વિશ્વમાં, રામની બુદ્ધિશાળી, ટેકનોલોજીથી સ્વતંત્ર, કલાત્મક ક્ષમતા સતત પ્રેરણા આપે છે.

# સૈખોમ સુરચન્દ્ર સિંઘ




*મણીપુરનું મૂળ ગ્રૂપ


તે પછી-
લાંબા સમય પહેલાં, તેઓ આ ડ્રમનો ઉપયોગ દરેકજણને સૂચના આપવા માટે કરતા જ્યારે રાજાનો કોઈ મહત્વપૂર્ણ સંદેશ હોય,
હવે આ ડ્રમ ખુશીઓની ટ્યુન અને નૃત્યો માટે છે. સાચુ ને, આપા*?
તમને આના વિશે આટલી બધી જાણકારી કેવી રીતે છે?
આપા અને મારો મોટો ભાઈ આ ડ્રમ લાંબા સમયથી બનાવી રહ્યાં છે. હું પણ એક દિવસ તે બનાવીશ.
જેમ જેમ વર્ષો પસાર થયા, સુરચન્દ્ર મૈતૈ પુંગ બનાવવાની કલામાં પાવરધો થઈ ગયો. 2005માં -
અમે દિવસ અને રાત કામ કરીએ છીએ, પણ અસંખ્ય ક્રાફ્ટ્સમેન નકારી રહ્યાં છે. આપણું ભવિષ્ય અનિશ્ચિત છે.
આપણે અન્ય લોકોને કલા શીખવવા માટે વર્કશોપનું આયોજન કરી શકીએ છીએ. આ ફક્ત ડ્રમ બનાવવાની જ વાત નથી પણ તે આપણી પરંપરાઓને જાળવવા માટે છે.
સુરચન્દ્ર પોતાની ક્રાફ્ટનો પ્રચાર કરવા માટે રાજ્યની રાજધાની ઇમ્ફાલ ગયો.
આ ડ્રમ્સ આપણાં નૃત્યોની આત્મા છે! આપણે તેને લુપ્ત થવા દઈ શકતા નથી. શું તમે ક્યારેય પરંપરાગત ડ્રમ બનતા જોયા છે?
તેણે અન્ય લોકોને શીખવતા શીખવતા ડ્રમ બનાવવાનું ચાલુ રાખ્યું.
2019માં, સૈખોમ સુરચન્દ્ર સિંઘને ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન યુવા પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યો.
અમે મૈતૈ પુંગના સાંસ્કૃતિક મહત્વને જાણીએ છીએ. તમારું કામ મૂલ્યવાન છે.
આ પુરસ્કાર ફક્ત મારા માટે નથી પરંતુ તે તમામ પરંપરાગત ડ્રમ નિર્માતાઓ માટે છે! સાથે મળીને, અમે અમારા વારસાને જીવંત રાખીશું.
યુવા પુરસ્કાર

*દાદાજી

# સંતોષ સિંઘ નેગી




*ઉત્તર પ્રદેશનું એક શહેર




*હિંદીમાં ભાઈ

^ગવર્નમેન્ટનું નાગરિક સહભાગિતા પ્લેટફોર્મ

# યુથ ફોર પરિવર્તન




*શહેરના અસ્વચ્છ ભાગોને ઓળખવા, તેને સ્વચ્છ કરીને સુંદર બનાવવા




*દક્ષિણ અને પશ્ચિમ બેંગલુરૂ તરફ ફેલાયેલ વિસ્તાર

^હિંદીમાં 'ફેરફાર'


YFP પોતાના આગામી અભિયાનોનો પ્રચાર-પ્રસાર કરવા માટે ફેસબુક અને વ્હોટ્સએપ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો લાભ લે છે.
અરે, જુઓ, આગલું અભિયાન આપણાં જ વિસ્તારમાં 25મીએ થવાનું છે. ચાલો આપણે બધાં ત્યાં જઈએ!
અરે હા!
રોગચાળો ફાટ્યો તે પછી, YFPએ તમામ્ત જરૂરી સુરક્ષા સાવચેતીઓ લઈને પોતાના અભિયાનો ચાલુ રાખ્યા...
...અને વંચિત નાગરિકોને માસ્ક, સાબુ, સેનિટાઇઝર્સ અને થર્મલ ગન થર્મોમીટરનો પુરવઠો પૂરો પાડવા માટે એક ટાસ્કફોર્સ તૈયાર કરી.
2014થી, YFPએ 400થી વધુ સૌદર્યીકરણ અભિયાનોનું આયોજન કર્યું અને અન્ય વસ્તુઓની વચ્ચે રક્ત દાન શિબિર અને ટ્રાફિક જાગરૂકતા કેમ્પેન જેવી અન્ય પહેલો પણ આયોજિત કરી.
મારી પ્રેરણાનો સૌથી મોટો સ્ત્રોત મારા સ્વયંસેવકો છે - જે પોતાના રવિવારનો બહેતર સમય સાર્થક રીતે પર્યાવરણ પ્રત્યે યોગદાન આપવામાં વિતાવે છે.
YFP વંચિત લોકો માટે સ્વાસ્થ્ય સંભાળ અને શિક્ષણ સેવાઓ પર પ્રદાન કરે છે.
અમિતનો પ્રયાસ અન્ય લોકોને એક જવાબદાર નાગરિક બનાવવા માટે અને અન્ય NGOને આવા અભિયાનો આયોજિત કરવા પ્રેરિત કરવાનો છે.
વાસ્તવિક રૂપાંતરણ ફક્ત ત્યારે જ આવશે જ્યારે લોકો સાર્વજનિક સ્થાનોએ તેમના પોતાના સ્થાન તરીકે વર્તવાનું શરૂ કરશે - શું તમે બદલવા માંગો છો?


TOP COMPLANING
START ACTING

# મન કી બાત

## વૉલ્યુમ 12

કેળવણી માટેના અસીમિત સાધનોના આ યુગમાં, મોટા ભાગના પ્રશ્નોના જવાબો સહેલાઈથી મેળવી શકાય છે. જો કે, મોટા ભાગના લોકો આ જાણકારીનો ઉપયોગ તેમની આસપાસની સમસ્યાઓને ઉકેલવા માટે કરતા નથી.

મન કી બાતનું બારમું વૉલ્યુમ એવા લોકોની વાર્તાઓ કહે છે જેમણે પોતાના જ્ઞાન અને પ્રયાસને પરિણામોમાં ફેરવવાનું નક્કી કર્યું.

જાવેદ અહમદ ટાક કે જેણે પોતે અપંગ થયા પછી અપંગતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે સમાવેશી સ્કૂલ શરૂ કરી તેનાથી લઈને સંતોષ સિંઘ નેગી નામના શિક્ષક સુધી કે જેમણે વરસાદના પાણીની ખેતીના પોતાના જ્ઞાનનો ઉપયોગ, પાણીની અછતની સમસ્યાને ઉકેલવા માટે અને પૂર આવતા અટકાવવા માટે કર્યો, એમ યોગનાથન, એક બસ કંડક્ટર જેણે હજારો રોપાઓ વાવ્યા અને પોતાનો સમય અને પૈસા વાપરીને વિદ્યાર્થીઓના વર્ગોને પર્યાવરણ સંરક્ષણ વિશે સમજાવ્યું, આ લોકોએ પોતાના અનુભવો અને જ્ઞાનનો ઉપયોગ સફળ થવા અને તેમની આસપાસના વિશ્વની મદદ કરવા માટે કર્યો.



₹99

www.amarchitrakatha.com
ISBN 978-93-6127-581-4
9 789361 275814